ભારત અને યુરોપિયન યુનિયનનો ૧૧ ટ્રિલિયન ડૉલરનો માસ્ટરપ્લાન

ચીન-ASEAN વેપાર સોદાથી પણ મોટો

ભારત અને યુરોપિયન યુનિયન વચ્ચેનો ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ (FTA) વિશ્વના સૌથી મોટા દ્વિપક્ષીય વેપાર કરાર તરીકે ઉભરી આવ્યો છે. આ ઐતિહાસિક સોદાને વાણિજ્ય મંત્રાલયે "Mother of All Deals" તરીકે ઓળખાવ્યો છે.

આ કરારની ગંભીરતા અને તેના આંકડાકીય પાસાઓને નીચે મુજબ સમજી શકાય છે:

ભારત-EU FTA: એક નજર

વિગત	ભારત + EU (સંયુક્ત)
કુલ વસ્તી	1.9 અબજ (વિશ્વના 30%)
વૈશ્વિક અર્થતંત્રમાં હિસ્સો	25%
વૈશ્વિક વેપારમાં હિસ્સો	11%થી 12%
કુલ વેપાર મૂલ્ય (Global)	USD 11 Trillion (USD 33 Trillionમાંથી)

દ્વિપક્ષીય વેપાર (FY 2025ના અંદાજો)

ભારત અને EU વચ્ચેનો કુલ વેપાર USD 190 અબજને પાર કરી ગયો છે.

વેપાર સંતુલન: ભારત પાસે USD 15.17 અબજની ટ્રેડ સરપ્લસ (નિકાસમાં વધારો) છે.

ભારતની ઈયુમાં નિકાસ

માલસામાન :	USD 75.85 અબજ
સેવાઓ :	USD 30 અબજ

EUની નિકાસ ભારતમાં નિકાસ

માલસામાન :	USD 60.68 અબજ
સેવાઓ :	USD 23 અબજ

મુખ્ય આયાત-નિકાસની વસ્તુઓ (FY 2025)

ભારતની મુખ્ય નિકાસ	મૂલ્ય (USD)	EUમાંથી મુખ્ય આયાત	મૂલ્ય (USD)
પેટ્રોલિયમ ઉત્પાદનો	15 અબજ	મશીનરી અને કોમ્પ્યુટર	13.0 અબજ
ઈલેક્ટ્રોનિક્સ		(સ્માર્ટફોન સહિત)	11.3 અબજ
ઈલેક્ટ્રોનિક્સ		(મોબાઈલ પાર્ટ્સ)	9.4 અબજ
ઓર્ગેનિક કેમિકલ્સ	5.1 અબજ	એરક્રાફ્ટ (વિમાન)	6.3 અબજ
આયર્ન અને સ્ટીલ	4.9 અબજ	મેડિકલ ડિવાઈસ	3.8 અબજ
તૈયાર કપડાં અને ટેક્સટાઈલ		4.5 અબજ	
જેમ્સ અને જ્વેલરી (રફ ડાયમંડ)		3 અબજ	

રોકાણ અને FDI

EU ભારત માટે રોકાણનું મોટું કેન્દ્ર છે.

FDI ઈનફ્લો: એપ્રિલ 2000થી સપ્ટેમ્બર 2024 સુધીમાં EU તરફથી ભારતમાં કુલ USD 117.4 અબજનું રોકાણ આવ્યું છે.

કંપનીઓની હાજરી: હાલમાં ભારતભરમાં 6,000થી વધુ EU કંપનીઓ કાર્યરત છે.

ભારતનું રોકાણ: ભારતે પણ EUમાં USD 40.04 Billion નું FDI આઉટફ્લો કર્યું છે.

આ કરાર કેમ ખાસ છે?

સિંગલ માર્કેટ એક્સેસ: EU એક કસ્ટમ્સ યુનિયન હોવાથી, આ કરાર હેઠળ ભારતને તમામ 27 દેશો (ફ્રાન્સ, જર્મની, ઈટાલી વગેરે)માં સીધો અને સરળ પ્રવેશ મળશે.

આર્થિક કદ: આ કરાર આર્થિક કદ અને નિયમનકારી વ્યાપ બંનેની દ્રષ્ટિએ ભારતનો અત્યાર સુધીનો સૌથી મોટો FTA છે.

વૈશ્વિક સ્થિતિ: અમેરિકાની ટેરિફ નીતિઓના તણાવ વચ્ચે આ કરાર ભારતની વૈશ્વિક વેપાર સ્થિતિને મજબૂત બનાવે છે.

ચીન અને આસિયાન સોદો પણ મોટો છે

ચીન-આસિયાન વેપાર સોદો પણ સૌથી મોટો છે, પરંતુ આસિયાન 10 જુદા જુદા દેશો (દક્ષિણપૂર્વ એશિયન દેશો)નું જૂથ છે. તેઓ યુરોપિયન યુનિયન જેવા કસ્ટમ યુનિયન નથી. આસિયનના સભ્યોમાં બ્રુનેઈ, કંબોડિયા, ઈન્ડોનેશિયા, લાઓસ, મલેશિયા, મ્યાનમાર, ફિલિપાઈન્સ, સિંગાપોર, થાઈલેન્ડ અને વિયેતનામ સામેલ છે. આ જૂથ સાથે ભારતનો માલસામાનમાં મુક્ત વેપાર કરાર પણ છે.

ભારત-EU FTA વિરુદ્ધ ચીન-ASEAN: મુખ્ય તફાવત

વિશેષતા	ભારત - EU FTA	ચીન - ASEAN FTA
માળખું	કસ્ટમ્સ યુનિયન: EU ના તમામ 27 દેશો એક સમાન વેપાર નીતિ ધરાવે છે.	દેશોનું જૂથ: ASEAN એ 10 અલગ-અલગ સાર્વભૌમ દેશોનું જૂથ છે.
નિયમનકારી વ્યાપ	સિંગલ ફ્રેમવર્ક - એકવાર કરાર થાય એટલે તમામ 27 દેશોમાં સમાન એક્સેસ મળે.	દરેક દેશ સાથેના નિયમો અને લોજિસ્ટિક્સમાં ભિન્નતા હોઈ શકે છે.
અર્થતંત્રનું કદ	વિશ્વના જીડીપીમાં 25% હિસ્સો ધરાવે છે. વિકાસશીલ બજારો હોવાથી જીડીપી હિસ્સો તુલનાત્મક રીતે ઓછો છે.	
વસ્તી	આશરે 1.9 Billion લોકો (વિશ્વના 30%).	આશરે 2.1 Billion લોકો.
વેપારનું મૂલ્ય	ભારત અને EU સંયુક્ત રીતે USD 11 Trillion નો વૈશ્વિક વેપાર કરે છે.	ચીન-ASEAN વેપાર મોટો છે, પણ મૂલ્યની દ્રષ્ટિએ EU માર્કેટ વધુ સમૃદ્ધ છે.

'અચ્છા ચલતા હૂં...': અરિજિત સિંહે પ્લેબેક સિંગિંગને કહ્યું અલવિદા

સંગીત-ફિલ્મ જગત અને ચાહકોમાં ખળભળાટ

જોકે તે સ્વતંત્ર રીતે સંગીત બનાવવાનું ચાલુ રાખશે

કરોડો ચાહકોના દિલ તૂટ્યા

નવી દિલ્હી, તા. 27 (પીટીઆઈ): 'હું આ પ્રવાસનો અંત લાવી રહ્યો છું, તે એક અદ્ભુત પ્રવાસ હતો', તેમ મંગળવારે અરિજિત સિંઘે કહ્યું હતું. તેણે જાહેરાત કરી કે હવેથી તે પ્લેબેક સિંગર તરીકે કોઈ નવા કામ સ્વીકારશે નહીં. તેના આ નિર્ણયે તેના વિશાળ ચાહક વર્ગમાં આઘાતની લહેર ફેલાવી દીધી છે. પોતાના સોશિયલ મીડિયા પેજ પર શેર કરેલા એક સંદેશમાં, અરિજિતે જણાવ્યું કે તેણે પ્લેબેક સિંગિંગથી દૂર જવાનો નિર્ણય લીધો છે. આ પગલું તેની કારકિર્દીના એવા સમયે આવ્યું છે જ્યારે તે હિન્દી સિનેમાના સૌથી લોકપ્રિય અને સૌથી વધુ માગ ધરાવતા અવાજોમાંના એક તરીકે શિખર પર છે.

અરિજિતે લખ્યું, 'હેલો, સૌને નવા વર્ષની શુભેચ્છાઓ. આટલા વર્ષો સુધી મને આટલો પ્રેમ આપવા બદલ હું આપ સૌનો આભાર માનું છું. મને એ જાહેર કરતા આનંદ થાય છે કે હવેથી હું પ્લેબેક સિંગર તરીકે કોઈ નવા અસાઈનમેન્ટ (ગીતો) લેવા જઈ રહ્યો નથી. તે એક અદ્ભુત પ્રવાસ હતો.'

જોકે, 38 વર્ષીય ગાયકે સ્પષ્ટતા કરી હતી કે તે સ્વતંત્ર રીતે સંગીત બનાવવાનું ચાલુ રાખશે અને તેની હાલની પ્રતિબદ્ધતાઓ (બાકી ગીતો) પૂર્ણ કરશે. તેણે ઉમેર્યું, 'ભગવાન મારા પર ખૂબ દયાળુ રહ્યા છે. હું સારા સંગીતનો ચાહક છું અને ભવિષ્યમાં એક નાના કલાકાર તરીકે ઘણું શીખીશ અને મારી રીતે વધુ કામ કરીશ. માત્ર એ સ્પષ્ટ કરવા માંગુ છું કે હું સંગીત બનાવવાનું બંધ નહીં કરું.'



જોકે અરિજિતે તેના આ નિર્ણય પાછળના કારણો વિશે વિગતવાર જણાવ્યું નથી, પરંતુ આ જાહેરાતથી ચાહકોમાં અવિશ્વાસ જોવા મળ્યો હતો અને ઘણાએ કોમેન્ટ સેક્શનમાં પોતાનો આઘાત વ્યક્ત કર્યો હતો.

એક યુઝરે લખ્યું, 'સર, આ ઘણું વહેલું છે, આવું સાચું ન હોઈ શકે.' એક અન્ય યુઝરે કોમેન્ટમાં લખ્યું હતું, 'મહેરબાની કરીને જશો નહીં. અમને ઓછામાં ઓછા 20 વર્ષ સુધી તમારી જરૂર છે.'

એક નજર અરિજિતની સફર પર

શરૂઆત: ૨૦૦૫માં રિયાલિટી શો 'ફેમ ગુરુકુલ' થી સફર શરૂ કરી.
ડેબ્યુ: ૨૦૧૧માં 'મર્ડર-૨' ના 'ફિર મોહબ્બત' થી પ્લેબેક ડેબ્યુ.
સ્ટારડમ: ૨૦૧૩માં 'આશિકી-૨' ના ગીત 'તુમ હી હો' એ તેને રાતોરાત સુપરસ્ટાર બનાવી દીધો. ત્યાર બાદ, અરિજિત અરિજિત પ્રેમ, હાર્ટબ્રેક કે ખુશી જેવા અનેક મૂડનો અવાજ બની ગયો. તેણે 'ચન્ના મેરેયા', 'અગર તુમ સાથ હો', 'રાબ્તા', 'કેસરિયા', 'ગેરુઆ', 'એ દિલ હૈ મુશ્કિલ' જેવા અનેક સુપરહિટ ગીતો આપ્યા. વર્ષોથી, તેણે હિન્દી સિનેમાના લગભગ તમામ અગ્રણી કલાકારો - સુપરસ્ટાર્સ સલમાન ખાન અને શાહરૂખ ખાનથી લઈને રણબીર કપૂર અને રણવીર સિંહ જેવા અભિનેતાઓ માટે પોતાનો અવાજ આપ્યો છે.
વર્લ્ડ રેકોર્ડ: ૨૦૨૫માં તેને પદ્મશ્રીથી સન્માનિત કરવામાં આવ્યો હતો અને તે સ્પોટિફાય (Spotify) પર ટેલર સ્વિફ્ટને પાછળ છોડી વિશ્વનો સૌથી વધુ ફોલોઅર્સ ધરાવતો કલાકાર બન્યો હતો. તેને અનેક ફિલ્મફેર એવોર્ડ્સ મળ્યા છે.

નાણામંત્રીએ પરંપરાગત હલવા સેરેમની યોજ્યો

આ સાથે જ બજેટ છાપવા માટેની ગોપનીય પ્રક્રિયાનો આરંભ

આ કાર્ય સાથે સંકળાયેલા અધિકારીઓ હવે બજેટ સુધી બહાર નહીં નિકળી શકે

નવી દિલ્હી, 27 જાન્યુઆરી (PTI): નાણામંત્રી નિર્મલા સીતારમણે મંગળવારે પરંપરાગત 'હલવા' સમારોહમાં ભાગ લીધો હતો, જે 1 ફેબ્રુઆરીએ લોકસભામાં રજૂ થનારા કેન્દ્રીય બજેટ 2026-27 ની તૈયારીઓના અંતિમ તબક્કાનું પ્રતીક છે. આ સમારોહ રાયસીના હિલ પર આવેલા નાણામંત્રાલયના જૂના સરનામા 'નોર્થ બ્લોક' ખાતે યોજાયો હતો, કારણ કે કર્તવ્ય ભવન-I સ્થિત નવા પરિસરમાં પ્રિન્ટિંગ પ્રેસ નથી. નાણામંત્રી અને તેમની મોટાભાગની ટીમને સપ્ટેમ્બર 2025 માં આ પ્રતિષ્ઠિત અને ભવ્ય નોર્થ બ્લોકમાંથી ખસેડીને કર્તવ્ય ભવનમાં બનેલી આધુનિક કેન્દ્રીય સચિવાલય ઓફિસમાં ખસેડવામાં આવ્યા હતા. આ હલવા સેરેમની એક રૂઢિગત વિધિ છે જેમાં બજેટની તૈયારીમાં સામેલ નાણામંત્રાલયના અધિકારીઓ અને કર્મચારીઓ માટે પરંપરાગત મીઠાઈ 'હલવો' તૈયાર કરી પીરસવામાં આવે છે.

ફ્લાયઓવર બ્રિજ અધવચ્ચેથી સાંકડો થઈ ગયો

મુંબઈમાં ફ્લાયઓવર પરની 4 લેન અચાનક 2 લેન થઈ જતાં સોશિયલ મીડિયા પર ઉડી મજાક

આ કોઈ ડિઝાઈનની ખામી નથી પણ ભવિષ્યના આયોજનનો ભાગ છે: અધિકારીઓ

મુંબઈ, તા. 27 (પીટીઆઈ): મુંબઈ પાસે મીરા-ભાયંદર ખાતે નવનિર્મિત ફ્લાયઓવર તેના વિચિત્ર ડિઝાઈન માટે વિવાદોમાં ઘેરાયો છે.

સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયોમાં ચાર લેનનો રોડ અચાનક સાંકડો થઈને બે લેનમાં ફેરવાતો જોઈ શકાય છે, જેને પગલે લોકોએ આયોજન અને સુરક્ષા પર સવાલો ઉઠાવ્યા છે.

વિપક્ષી નેતાઓ અને સોશિયલ મીડિયા યુઝર્સે આને 'એન્જિનિયરિંગની નિષ્ફળતા' ગણાવી તેની તુલના ભોપાલના ખામીયુક્ત બ્રિજ સાથે કરી છે. આદિત્ય ઠાકરેએ પણ આ ડિઝાઇનને 'મૂર્ખમીભરી' ગણાવી ટીકા કરી છે.

જોકે, એમએમઆરડીએ એ બચાવ કરતા જણાવ્યું છે કે આ કોઈ ડિઝાઈન ખામી નથી પણ ભવિષ્યના આયોજનનો ભાગ છે. હાલમાં આ ફ્લાયઓવર ભાયંદર (પૂર્વ) તરફ જાય છે, જ્યારે બાકીની બે લેન ભવિષ્યમાં ભાયંદર (પશ્ચિમ) સાથે જોડવા માટે રખાઈ છે. સત્તાવાળાઓએ દાવો કર્યો છે કે જગ્યાના અભાવે આ પ્રકારનું સંક્રમણ રાખવું પડ્યું છે. બીજી તરફ, નિષ્ણાતોએ ચેતવણી આપી છે કે યોગ્ય મર્જિંગ રેમ્પના અભાવે રાત્રિના સમયે અકસ્માત અને ટ્રાફિકની સમસ્યા સર્જાઈ શકે છે.

નિર્મલા સીતારમણ સતત નવમુ બજેટ રજૂ કરીને વિક્રમ રચશે

દસ બજેટ રજૂ કરવાના મોરારજી દેસાઇના વિક્રમની નજીક પહોંચશે

જો કે એક જ વડાપ્રધાનના વડપણ હેઠળ સતત નવ બજેટો રજૂ કરવાનો વિક્રમ નિર્મલાના નામે જ છે

સૌથી લાંબા બજેટ પ્રવચનનો રેકર્ડ પણ નિર્મલાના નામે છે

નવી દિલ્હી, 27 જાન્યુઆરી(PTI): નાણામંત્રી નિર્મલા સીતારમણ 1 ફેબ્રુઆરીના રોજ સતત નવમી વખત બજેટ રજૂ કરીને એક નવો વિક્રમ સ્થાપિત કરશે. અસ્થિર ભૌગોલિક રાજકીય પરિસ્થિતિ વચ્ચે આર્થિક વૃદ્ધિને વેગ આપવા માટે આ બજેટમાં વિવિધ સુધારાવાદી પગલાંની અપેક્ષા રાખવામાં આવી રહી છે.

જો કે, નિર્મલા સીતારમણ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ સતત નવ બજેટ રજૂ કરવાનો રેકોર્ડ પોતાના નામે યથાવત રાખશે. નિર્મલા સીતારમણ પાસે સૌથી લાંબું બજેટ ભાષણ આપવાનો પણ રેકોર્ડ છે. ૧ ફેબ્રુઆરી, ૨૦૨૦ના રોજ તેમનું બજેટ પ્રવચન બે કલાક અને ૪૦ મિનિટ સુધી ચાલ્યું હતું. તે સમયે, હજુ બે પાનાં બાકી હતા ત્યારે જ તેમણે પોતાનું ભાષણ ટૂંકાવી દીધું હતું.

બજેટ રજૂ કરવાનો ઈતિહાસ

નાણામંત્રી	કુલ બજેટની સંખ્યા	નોંધ
મોરારજી દેસાઈ	10	બે અલગ-અલગ કાર્યકાળમાં
નિર્મલા સીતારમણ	09	૧ ફેબ્રુઆરીએ (સતત ૯ બજેટનો રેકોર્ડ)
પી. ચિદમ્બરમ	09	અલગ-અલગ વડાપ્રધાન હેઠળ
પ્રણબ મુખર્જી	08	અલગ-અલગ વડાપ્રધાન હેઠળ

અમેરિકામાં શિયાળુ તોફાન ફર્નથી ૩૪નાં મોત

અમેરિકાભરમાં લાખો લોકો હજી વિજળી વિહોણા

આ સપ્તાહ દરમિયાન સખત ઠંડુ હવામાન રહેવાની આગાહી

વૉશિંગ્ટન, તા. ૨૭: ગયા સપ્તાહના અંતે અમેરિકાના મોટા ભાગના વિસ્તારોમાં ત્રાટકેલા ભીષણ શિયાળુ તોફાને અત્યાર સુધીમાં દેશભરમાં ૩૪ લોકોના જીવ લીધા છે એવા અહેવાલ છે. જ્યારે કે આ તોફાનની અસરને કારણે અમેરિકામાં લાખો લોકો હજી વિજળી વિહોણા છે.

પેજ 3

વરુણ ધવને મેટ્રોને બનાવી 'જિમ': સળિયા પકડીને પુલ-અપ્સ કરતા મુંબઈ મેટ્રોએ લગાવી ફટકાર!

મુંબઈ, તા. 27: બોલિવૂડ સ્ટાર વરુણ ધવન હાલ 'બોર્ડર-2'ની સફળતા માણી રહ્યો છે. મુંબઈના ટ્રાફિકથી બચવા મેટ્રોમાં સવાર થયેલા વરુણે કોચની અંદર મેટલ રોડ પકડીને પુલ-અપ્સ (કસરત) કર્યા હતા, જેનો વીડિયો વાયરલ થયો હતો. જોકે આ વીડિયો પર મેટ્રો સત્તાવાળાઓએ લાલ આંખ કરી છે, આ સાથે જ તે વિવાદમાં ફસાયો હતો. મુંબઈ મેટ્રોએ વીડિયો પોસ્ટ કરી કહ્યું હતું, 'આવું મહા મુંબઈ મેટ્રોમાં' ન કરતા. 'વરુણ' તમારે આ વીડિયોમાં તમારી એક્શન ફિલ્મોમાં મુકાય છે તેવું ડિસ્ક્લેમર મૂકવાનું હતું. આ પહેલાં વરુણે પોતે મેટ્રોમાં છે તેનો એક વીડિયો શેર કર્યો હતો જેમાં તે પ્રશંસકોને પૂછી રહ્યો છે કે અંદાજો લગાવો તે કયા સિનેમા હોલ તરફ જઈ રહ્યો છે. મુંબઈ મેટ્રોએ સોશિયલ મીડિયા પર વરુણને ટાંકીને સલાહ આપી કે, 'મેટ્રોના હેન્ડલ લટકવા માટે નથી.' સત્તાવાળાઓએ સ્પષ્ટ કર્યું કે આવા કૃત્યો પ્રોપર્ટીને નુકસાન પહોંચાડવા બદલ દંડ અને જેલની સજાને પાત્ર છે. સોશિયલ મીડિયા યુઝર્સે સેલિબ્રિટીને પણ કાયદાનું ભાન કરાવવા બદલ મેટ્રો પ્રશાસનની પ્રશંસા કરી છે. વરુણની ટીમે મંગળવારે નિવેદન આપ્યું હતું કે મુંબઈ મેટ્રોએ વરુણ પર કોઈ દંડ લગાવ્યો નથી.

કિન્નર અખાડામાંથી મમતા કુલકર્ણીની હકાલપટ્ટી

પ્રયાગરાજ, તા. 27: બોલિવૂડની ભૂતપૂર્વ ગ્લેમર ક્વીન મમતા કુલકર્ણી ફરી વિવાદોના વંટોળમાં છે! 'કિન્નર અખાડા'એ મમતા કુલકર્ણીને બહારનો રસ્તો બતાવી દીધો છે. અખાડાના પ્રમુખ લક્ષ્મી નારાયણ ત્રિપાઠીએ જાહેરાત કરી છે કે મમતા હવે અખાડાનો ભાગ નથી. વિવાદ ત્યારે વધ્યો જ્યારે મમતાએ શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદ વિરુદ્ધ અભદ્ર ટિપ્પણી કરી તેમને બનાવટી કહ્યા હતા અને કહ્યું હતું કે 10માંથી 9 મહામંડલેશ્વર જૂઠ્ઠા છે. અખાડાનું કહેવું છે કે મમતાનું વર્તન સનાતન ધર્મની મર્યાદાની વિરુદ્ધ હતું. વર્ષોથી 'યોગિની' બનીને રહેતી મમતાએ આ અખાડામાં જોડાઈને સૌને ચોંકાવ્યા હતા, પરંતુ હવે તેની હકાલપટ્ટીએ નવી ચર્ચા જગાવી છે.

બાફ્ટા-2026માં ફરહાન અખ્તરની મણિપુરી ફિલ્મ બૂંગ નોમિનેટ થઈ

મુંબઈ, તા. 27: બાફ્ટા 2026 એવોર્ડ્સના નામાંકનોની જાહેરાત થઈ ગઈ છે, જેમાં ભારત માટે ગૌરવની ક્ષણ જોવા મળી છે. ફરહાન અખ્તર દ્વારા નિર્મિત અને લક્ષ્મીપ્રિયા દેવી દ્વારા નિર્દેશિત મણિપુરી ફિલ્મ 'બૂંગ'ને 'બેસ્ટ ચિલ્ડ્રન એન્ડ ફેમિલી ફિલ્મ કેટેગરીમાં નોમિનેશન મળ્યું છે. આ વર્ષે બાફ્ટામાં સ્થાન મેળવનાર આ એકમાત્ર ભારતીય ફિલ્મ છે. આ પહેલા આ ફિલ્મે ટોર્ન્ટો અને મામી (એમએએમઆઈ) જેવા આંતરરાષ્ટ્રીય ફિલ્મ ફેસ્ટિવલમાં પણ પ્રશંસા મેળવી હતી. બીજી તરફ, હોલીવુડની 'વન બેટલ આફ્ટર અનધર' 14 નોમિનેશન સાથે મોખરે છે, જ્યારે 'સિનર્સ'ને 13 અને ટિમોથી ચેલામેટની 'માર્ટી સુપ્રીમ'ને 11 નોમિનેશન મળ્યા છે.

એસિડ એટેક પર સુપ્રીમની લાલ આંખ: 'સજા પીડાદાયક હોવી જોઈએ

નવી દિલ્હી, તા. 27 (પીટીઆઈ): એસિડ એટેકના ગુનેગારો સામે 'અસાધારણ' દંડાત્મક પગલાંની હિમાયત કરતા સુપ્રીમ કોર્ટે મંગળવારે કેન્દ્ર સરકારને કાયદામાં સુધારો કરવા વિચારણા કરવા જણાવ્યું છે. કોર્ટે સૂચન કર્યું છે કે દહેજ મૃત્યુના કેસોની જેમ એસિડ એટેકમાં પણ નિર્દોષતા સાબિત કરવાની જવાબદારી આરોપી પર હોવી જોઈએ.

કાશ્મીર સહિત પર્વતીય રાજ્યોમાં હિમવર્ષા

ઉત્તર ભારત ઠંડીમાં ઠુંઠવાયું

દિલ્હીમાં વરસાદે ચાર વર્ષનો રેકોર્ડ તોડ્યો હિમાચલમાં અને ઉત્તરાખંડમાં પણ હિમવર્ષા, રાજસ્થાનમાં કડકડતી ઠંડી

શ્રીનગર-નવી દિલ્હી, તા. 27 (પીટીઆઈ): કાશ્મીરમાં મંગળવારે થયેલી તાજી હિમવર્ષાને કારણે સમગ્ર ખીણ પ્રદેશમાં જનજીવન સંપૂર્ણપણે ખોરવાયું છે. પહાડી રાજ્યોમાં હિમવર્ષાની સાથે મેદાની વિસ્તારોમાં વરસાદ પડતા સમગ્ર ઉત્તર ભારતમાં ઠંડીનું જોર વધ્યું છે. દિલ્હીમાં મંગળવારે થયેલા વરસાદે જાન્યુઆરી મહિનાનો છેલ્લા ચાર વર્ષનો રેકોર્ડ તોડ્યો છે.

દિલ્હીમાં આ મહિને કુલ 24 એમએમ વરસાદ નોંધાયો છે, જે 2022 પછી સૌથી વધુ છે. વરસાદ અને તેજ પવનને કારણે દિલ્હીનું મહત્તમ તાપમાન સામાન્ય કરતા 5.2 ડિગ્રી ગગડીને 16.9 ડિગ્રી અને લઘુત્તમ તાપમાન 8.0 ડિગ્રી નોંધાયું હતું.

કાશ્મીરમાં સોમવાર રાતથી શરૂ થયેલી અવિરત હિમવર્ષાએ માર્ગ અને હવાઈ વ્યવહાર પર માઠી અસર કરી છે. જમ્મુ-શ્રીનગર નેશનલ હાઈવે પર કાઝીગુંડ અને બનિહાલ પાસે નવયુગ ટનલ નજીક ભારે બરફ જમા થતા વાહનવ્યવહાર ઠપ્પ થઈ ગયો છે, જેના કારણે સેંકડો પ્રવાસીઓ રસ્તામાં અટવાયા છે. શ્રીનગર એરપોર્ટ પર પણ પ્રતિકૂળ હવામાન અને રનવે પર બરફને કારણે તમામ ફ્લાઈટ્સ રદ કરવી પડી છે. જોકે, હનીમૂન પર આવેલા યુગલો અને અન્ય પ્રવાસીઓ આ નજારાને 'સ્વર્ગ' ગણાવી રોકાણનો આનંદ માણી રહ્યા છે અને સ્થાનિક પોલીસ તથા રહીશોના સહકારની પ્રશંસા કરી રહ્યા છે.

કાશ્મીરમાં રેલ્વે સેવાઓ પણ સવારના સમયે ખોરવાઈ હતી, પરંતુ પાટા પરથી બરફ હટાવ્યા બાદ થોડા કલાકોમાં ટ્રેન વ્યવહાર પુનઃસ્થાપિત કરાયો હતો. શ્રીનગર અને કટરા વચ્ચેની ટ્રેનો નિર્ધારીત સમય મુજબ જ ચાલુ છે. પોલીસ જવાનો બરફવર્ષા વચ્ચે પણ લોકોની મદદે પહોંચી રહ્યા છે, જેમાં બીમાર દર્દીઓને સ્ટ્રેચર પર હોસ્પિટલ પહોંચાડવાના દ્રશ્યો પણ જોવા મળ્યા હતા. ખીણના ઊંચાઈવાળા વિસ્તારોમાં ભારે અને શ્રીનગર જેવા મેદાની વિસ્તારોમાં હળવો બરફ પડ્યો છે. રેલ્વે વ્યવહાર સવારના સમયે ખોરવાયો હતો, પરંતુ પાટા સાફ કર્યા બાદ બપોરે સેવાઓ પુનઃસ્થાપિત કરાઈ હતી. જમ્મુ-કાશ્મીરના ડોડા જિલ્લામાં બોર્ડર રોડ ઓર્ગેનાઈઝેશને બરફમાં ફસાયેલા 40 સૈનિકો સહિત 60 લોકોને સુરક્ષિત બહાર કાઢી રેસ્ક્યુ ઓપરેશન પાર પાડ્યું હતું.

હિમાચલ પ્રદેશના લાહૌલ-સ્પીતિના ગોંડલા ગામમાં 22 સેમી હિમવર્ષા થઈ હતી, જ્યારે તાબો ગામ માઈનસ 8.9 ડિગ્રી સાથે રાજ્યનું સૌથી ઠંડુ સ્થળ રહ્યું હતું. કુલ્લુ, ચંબા અને કિન્નૌર જેવા જિલ્લાઓ માટે ઓરેન્જ એલર્ટ અપાયું છે. ઉત્તરાખંડમાં બદ્રીનાથ, કેદારનાથ અને ગંગોત્રી-યમુનોત્રીના પહાડો બરફથી ઢંકાઈ ગયા છે.

શ્રીનગરમાં ફ્લાઈટ્સ રદ, પ્રવાસીઓ અટવાયા

શ્રીનગર, તા. 27 (પીટીઆઈ): કાશ્મીરમાં થયેલા હિમવર્ષાને કારણે મંગળવારે શ્રીનગર ઇન્ટરનેશનલ એરપોર્ટ પરથી સંચાલિત થતી અંદાજે ૫૦ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે. એરપોર્ટ ઓથોરિટીના જણાવ્યા અનુસાર, સતત હિમવર્ષા અને પ્રતિકૂળ હવામાનને કારણે 25 આગમન અને 25 પ્રસ્થાન સહિતની ફ્લાઈટ્સ રદ કરવી પડી હતી. અન્ય ચાર ફ્લાઈટ્સના સંચાલનની શક્યતા પણ નહિવત છે. આ સ્થિતિને કારણે પ્રજાસત્તાક પર્વની રજાઓ ગાળવા આવેલા સેંકડો પર્યટકો ખીણમાં અટવાયા છે. સત્તાવાળાઓએ મુસાફરોને વૈકલ્પિક વ્યવસ્થા માટે સંબંધિત એરલાઇન્સના સંપર્કમાં રહેવા સલાહ આપી છે. હિમવર્ષાને કારણે રનવે પરની અસુરક્ષિત સ્થિતિને જોતા મુસાફરોની સુરક્ષા અર્થે આ નિર્ણય લેવામાં આવ્યો છે.